૩. યુનિયનની આંક-૧૫ ની પુરશીષની હકીકતો ધ્યાને લઈ, હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાગની આપવામાં આવે છે, અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. યુનિયનની આંક-૧૫ ની પુરશીષ ધ્યાને લઈને, હાલના રેફરન્સનું કામ પાછું ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે, અને તે મુજબના કામ ફેંસલ કરવામાં આવે છે.

૨. ખર્ચ સબંધે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૨.

આર. એ. ખોખર,
ઔદ્યોગિક અદાલત, નં. ૨,
રાજકોટ.

આ નિવેડાની આજ તા. ૨૦-૧૧-૨૦૧૨ના રોજ ક્રમાંક ૫/૨૦૧૨થી નોંધ પત્રકમાં નોંધ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨.

(સહી) અવાચ્ય,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૭૮/આર.યુ.—સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હું, અરૂણોદય મજુર મહાજન સંઘ મોરબી અને અરૂણોદય મીલ્સ લી. મોરબી તથા અન્ય-૧ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૧૨નાં નવેમ્બર માસનાં ૨૦માં દિને આથી નોંધ કરૂં છું.

આંક-૧૬

શ્રી આર. એ. ખોખર, ઔદ્યોગિક અદાલત નં. ૨, રાજકોટ સમક્ષ :
રેફરન્સ (આઈ.સી) નં. ૧-૨૦૦૩

પ્રથમ પક્ષકારો :	:	અરૂણોદય મજુર મહાજન સંઘ અબ્બાસ મંઝીલ, વિજય સીનેમા પાસે, મોરબી

વિરૂધ્ધ

બીજા પક્ષકારો :	:	૧. મેનેજરશ્રી, અરૂણોદય મીલ્સ લી. વેજીટેબલ રોડ, મોરબી. ૨. મેનેજીંગ ડોયરેકર/મેનેજર મે. શાંતિ એકસપોર્ટ પ્રા.લી. C/o. ચીરીપાલ ગ્રુપ ઓફ કંપનીઝ લીમીટેડ ચીરીપાલ હાઉસ, સેટેલાઈટ શીવરંજની ક્રોસ રોડ, અમદાવાદ-૧૫.
પ્રથમ પક્ષકાર તરફે	:	વિ.વ. શ્રી વી. કે. ટીંબડીયા,
બીજા પક્ષકાર નં.૧ તરફે	:	વિ.વ. શ્રી એ.એસ. ગોગીયા
બીજા પક્ષકાર નં.૨ તરફે	:	ગેરહાજર
વિષય	:	૨૦-૨૦ મીનીટની અપાતી રીશેષની પ્રથા બંધ કરવાની માંગણી અંગે.

INDEX

ચુકાદો

૧. આ વિવાદના પ્રથમ પક્ષકાર અરૂણોદય મજુર મહાજન સંઘ બીજા પક્ષકાર નં. ૧ તરફથી તા. ૯-૧-૨૦૦૨ના રોજ બી.આઈ.આર. એક્ટની કલમ-૪૨(૧) અને નિયમ-૫૧ અન્વયે ફેરફારની નોટીસ ફોર્મ ''કે'' માં આપી રોટેશન વીકલી ઓફની ફેરફારની નોટીસ આપી વિવાદ ઉપસ્થિત કરેલ. જે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહીમાં દાખલ કરવામાં આવેલ. પરંતુ વિવાદમાં સમાધાન ન થતાં, બન્નેં પક્ષકારોની સંમતીથી આ ઔદ્યોગિક અદાલતને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ.

૨. આ રેફરન્સનું કામ ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હતું, તે દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ યોજાયેલ લોક અદાલતમાં પ્રથમ પક્ષકાર યુનીયને આંક-૧૮ થી પુરશીષ આપી, ભવિષ્યમાં જરૂર જણાયે આ વિવાદ ફરી ચલાવવાના હક્ક અબાધીત રાખી, આ વિવાદ પરત લેતા હોય, તેમ જણાવી પરત ખેંચવા પરવાનગી માંગેલ છે.

૩. યુનીયનની આંક-૧૮ની પુરશીષની હકીકતો ધ્યાને લઈ, હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવેલ છે, અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. યુનીયનની આંક-૧૮ની પુરશીષ ધ્યાને લઈને, હાલના રેફરન્સનું કામ પાછું ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે, અને તે મુજબ આ કામ કેંસલ કરવામાં આવે છે.

૨. ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૧૨.

આર. એ. ખોખર,
ઔદ્યોગિક અદાલત, નં. ૨,
રાજકોટ.

આ નિવેડાની આજ તા. ૨૦-૧૧-૨૦૧૨ના રોજ ક્રમાંક ૬/૨૦૧૨થી નોંધ પત્રકમાં નોંધ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨.

(સહી) અવાચ્ય,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૭૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું અરૂણોદય મજુર મહાજન સંઘ, મોરબી અને અરૂણોદય મિલ્સ લી., મોરબી તથા અન્ય-૧ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૧૨નાં નવેમ્બર માસનાં ૨૦માં દિને આથી નોંધ કરૂં છું.

અંક-૧૬૮

શ્રી આર. એ. ખોખર. ઔદ્યોગિક અદાલત નં-૨, રાજકોટ સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૪/૨૦૦૩

પ્રથમ પક્ષકાર : અરૂણોદય મજુર મહાજન સંઘ,
અબ્બાસ મંઝીલ,
વિજય સિનેમા પાસે, મોરબી.

વિરૂદ્ધ

બીજા પક્ષકાર : ૧ મેનેજરશ્રી,
અરૂણોદય મીલ્સ લી.,
વેજીટેબલ રોડ, મોરબી.

૨ મેનેજીંગ ડાયરેક્ટર/મેનેજર,
મે. શાંતિ એક્સપોર્ટ પ્રા. લી.,
ચીરીપાલ ગ્રુપ ઓફ કંપનીઝ લીમીટેડ,
ચીરીપાલ હાઉસ, સેટેલાઈટ શીવરંજની ક્રોસ રોડ,
અમદાવાદ-૧૫.

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ. શ્રી વી. કે. ટીંબડીયા,
બીજા પક્ષકાર નં. ૧ તરફે : વિ.વ. શ્રી એ. એસ. ગોગીયા,
બીજા પક્ષકાર નં. ૨ તરફે : ગેરહાજર.

વિષય : રોટેશન વિકલી ઓફ આપવાના કરારમાં ફેરફાર કરવા અંગે.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક : ખ-શમક-૮૦/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું રાજકોટ નાગરીક સહકારી બેંક લી. રાજકોટ અને શ્રી કમલેશ ભાલચંદ્ર શુકલ તથા અન્ય-૧ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૧૨નાં નવેમ્બર માસનાં ૨૦માં દિને આથી નોંધ કરૂં છું.

આંક-૧૩

શ્રી આર. એ. ખોખર, ઔદ્યોગિક અદાલત નં-૨, રાજકોટ સમક્ષ

રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૫/૨૦૧૧

અરજદાર : રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી.
નાગરીક ભવન નં. ૧, ઢેબર રોડ,
જયુબીલી પાસે, રાજકોટ.

વિરૂદ્ધ

સામાવાળા : ૧. કમલેશ ભાલચંદ્ર શુકલ,
નીલકલમ એપાર્ટમેન્ટ, બ્લોક નં. સી-૩,
તળાવ દરવાજા, જુનાગઢ.
૨. જુનાગઢ વિભાગીય નાગરીક સહકારી બેન્ક લી.,
જવાહર રોડ, જુનાગઢ.

અરજદાર તરફે : વિ.વિ. શ્રી જે. સી. દોશી,
સામાવાળા નં. ૧ તરફે : વિ.વિ. શ્રી તુષાર એમ. જોશી,
સામાવાળા નં. ૨ તરફે : વિ.વિ. શ્રી જી. કે. ભટ્ટ
વિષય : બી.આઈ.આર. એક્ટ ૧૯૪૬ ની કલમ ૮૫ હેઠળની રીવીઝન અરજી.

હુકમ

૧. અરજદારે બી. આઈ. આર. એકટની કલમ-૮૫ હેઠળ આ રીવીઝન અરજી કરી લેબર કોર્ટ બી.આઈ.આર. અરજી નં. ૩/૨૦૦૦ ના કામમાં આંક-૯૪ હેઠળ પસાર કરેલ હુકમ રદ કરી લેબર કોર્ટ સદરહુ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદો પ્રથમ સાંભળે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

INDEX

અરજદારે અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, જુનાગઢની લેબર કોર્ટના જજ સાહેબે બી.આઇ.આર. અરજી નં. ૩/૨૦૦૦ ના કામમાં આંક-૯૪ ની અરજી હેઠળ તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ કરેલ હુકમથી નારાજ થઇ અમો અરજદારે આ રીવીઝન કરેલ છે. લેબર કોર્ટે અરજદારનો એપ્રોચ લેટર સમય મર્યાદામાં છે ? તેવો પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીને તે મુદ્દો મુળ અરજી સાથે એટલે કે આંક-૧ સાથે નિર્ણય કરવાનો હુકમ કરેલ છે. ઉપરોક્ત હુકમ તા. ૧૫-૭-૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ છે, અને આ રીવીઝન અરજી તા. ૯-૮-૨૦૧૧ ના રોજ રજુ કરવામાં આવેલ છે. જેથી આ રીવઝન સમય મર્યાદામાં થયેલ છે. અમારી આંક-૯૪ ની અરજી નામદાર લેબર કોર્ટે અંશતઃ મંજુર કરેલ છે. જેનાં સામે આ રીવીઝન કરવામાં આવેલ છે, અને તેના કારણો નીચે મુજબ છે.

નામદાર લેબર કોર્ટ માઈન્ડ એપ્લાયડ કરેલ નથી. નામદાર લેબર કોર્ટે એ જોયેલ જ નથી કે અમો અરજદારને મુળ બી.આઇ.આર. અરજી નં. ૩/૨૦૦૦ માં પાર્ટી તરીકે જોડવાનો હુકમ તા. ૨૬-૧૦-૨૦૧૦ ના રોજ થયેલ છે. નામદાર લેબર કોર્ટે એ પણ જોયેલ નથી કે અમો અરજદારને તા. ૨૬-૧૦-૨૦૧૦ના રોજ જોડવાનો હુકમ થયા બાદ આ કામના સામાવાળા તા. ૩-૧૨-૨૦૧૦ ના રોજ એમેન્ડમેન્ડ કરેલ છે. આ કામના સામાવાળાએ એમેન્ડમેન્ટ સમયમર્યાદામાં કરેલ ન હોવાથી સુધારી રદ કરવાની અમારી તા. ૩-૧૨-૨૦૧૦ની અરજી ઉપર તા. ૧૮-૩-૨૦૧૧ ના રોજ હુકમ કરવામાં આવેલ છે, અને ત્યારબાદ અમો અરજદારે પ્રથમ મુદતે જ તા. ૧-૪-૨૦૧૧ ના રોજ પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરી તે પ્રથમ સાંભળવાની અરજી આપેલ છે.

જ્યાર પ્રાથમીક મુદ્દો આ કેસના મુળ સુધી જતો હોય તો તે પ્રથમ સાંભળવો જોઇએ. તેમ છતાં તે મુદ્દો આંક-૧ ની અરજી સાથે સાંભળવાનો નામદાર લેબર કોર્ટનો હુકમ ભુલ ભરેલો છે. આ કામના સામાવાળા નં. ૧ નાએ તા. ૨-૨-૯૯ ના રોજ રાજીનામું આપેલ હતું, અને તે રાજીનામું આ કામના સામાવાળા નં. ૨ નાએ તા. ૩-૨-૯૯ ના રોજ સ્વીકારેલ છે, અને આ કામના સામાવાળા નં. ૨ નાએ રાજીનામું સ્વીકાર્યા અંગેનો કાગળ આ કામના અરજદારને રજી.એ.ડી. તથા યુ.પી.સી. થી મોકલેલ. જેમાંથી રજી. એ.ડી. નું કવર 'અનકલેઇમ્ડ'' ના શેરા સાથે પરત આવેલ છે. આમ આ કામના સામાવાળા નં. ૧ ની નોકરી તા. ૩-૨-૯૯ થી રાજીનામાના કારણે સમાપ્ત થયેલ છે, અને ત્યારબાદ આ કામના સામાવાળા નં. ૧ નાએ તા. ૮-૨-૨૦૦૦ ના રોજ આપેલ એપ્રોચ લેટર સમય મર્યાદા બહારનો છે. તેમ છતાં પ્રાથમીક મુદ્દો સાંભળવાનો હુકમ કરવાને બદલે આંક-૧ ની અરજી સાથે સાંભળવાનો હુકમ કરેલ છે.

ઉપર જણાવ્યા મુજબ જ્યારે એપ્રોચ લેટર સમય મર્યાદા બહારનો હોવાથી મુળ કેસ તે એકજ કારણથી નીકળી જાય તેમ છે. તેમ છતાં જો આંક-૧ સાથે તે મુદ્દો નક્કી કરવાથી અમો અરજદારે જવાબ આપવાનો, ત્યારબાદ સામાવાળા નં. ૧ ના સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની, ત્યારબાદ અમારા સાક્ષીઓ તપાસવાના અને ત્યારબાદ દલીલો કરવાની આમ આ બધી કાર્યવાહીથી સમય વેડફાય તેમ છે. તેમજ અમો અરજદારને જુનાગઢ આવવા જવાના ખોટા ધક્કાઓ વધે તેમ છે. અને બિનજરૂરી ખર્ચાઓ પણ કરવા પડે છે. લેબર કોર્ટનો હુકમ સત્ય પરિસ્થિતિથી વિપરીત છે.

INDEX

અરજદારે આંક-૨ ના લીસ્ટથી લેબર કોર્ટે પસાર કરેલ હુકમ રજુ કરેલ છે.

૨. સામાવાળા નં. ૧ નાએ આંક-૪ થી જવાબ રજુ કરેલ છે. જેમાં સામાવાળાઓએ એવી રજુઆત કરેલ છે કે, હાલની રીવીઝન અરજી કાયદાની જોગવાઈને સુસંગત ન હોય, રદ થવાને પાત્ર છે. હાલની રીવીઝન અરજીની હકીકતો જોતાં કલમ-૮૫ હેઠળની જોગવાઈઓના વ્યાપમાં આવતી ન હોય, મેઈન્ટેનેબલ નથી, તે કારણે રદ થવાને પાત્ર છે. અરજદારે રીવીઝન અરજીમાં દર્શાવેલી હકીકતો મુજબ આંક-૯૪ ના હુકમમાં માત્ર આંક-૧ ની અરજીના નિર્ણય વખતે બધા મુદ્દાઓ નિકાલ કરવાનો હુકમ કરેલ છે. જેથી આંક-૯૪ ના હુકમથી અરજદારનું હિત આખરી રીતે નિર્ણીત થતું નથી. રીવીઝન તો માત્ર જે પક્ષકારનું હીત આખરી રીતે નિર્ણીત થઇ જતું હોય, જે હુકમથી આગળની રજુઆતો તકરારો લેવાનો હક્ક બંધ થાય, તેવા હુકમો ઉપર રીવીઝન અરજી થઇ શકે, અને રીવીઝન મેઇન્ટેનેબલ છે. આંક-૯૪ નો હુકમ જોતાં હાલના અરજદારોનો કોઇ રાઇટ આખરી રીતે નિર્ણીત થતો નથી. જેથી આંક-૯૪ નો હુકમ ઇન્ટર લોકયુટરી હુકમ હોય આવા હુકમ ઉપર રીવીઝન થઇ શકે નહી. જેથી હાલની રીવીઝન અરજીમાં ગુણદોષમાં ઉતરવાને બદલે પ્રાથમીક તબક્કે જ રદ થવાને પાત્ર છે. જેથી રદ કરવા અરજ છે.

આ કામના અરજદારની વર્તણુંક જોઇએ તો પ્રથમથી જ મુળ અરજી ડીલે કરવાની તેમની વર્તણુંક રહેલી. તેઓને પક્ષકારમાં જોડવાનો હુકમ થયા બાદ આજદિન સુધી જવાબ શુધ્ધા નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. જે વર્તણુંક હાલની રીવીઝનનો નિર્ણય વખતે ધ્યાને લેવા અરજ છે. હાલની રીવીઝન અરજી માત્ર સામાવાળાનો રાજકોટ મુકામેથી જુનાગઢ મુકામે ધક્કા ખાવા ન પડે જેથી આપ નામદાર અદાલત ઉપર યેન કેન પ્રકારે દબાણ લાવી રીવીઝન અરજી મંજુર કરાવવાના ભાગ રૂપે લાવવામાં આવેલ છે. તેવું લાગે છે. આંક-૯૪ ના હુકમની કાયદેસરતા જોઇએ તો મુળ કેસમાં બચાવ લેવાના બધા હક્કો તેમના માટે ખુલ્લાં છે. જેથી માત્ર જુનાગઢ ધક્કા ખાવા ના પડે તેવા કારણથી આંક-૯૪ ના હુકમની કાયદેસરતાને પડકારી શકાય નહીં. જેથી પણ રીવીઝન અરજી રદ થવાને પાત્ર છે.

મુળ કેસની હકીકતો જોઇએ તો મુળ અરજદારે આપેલ રાજીનામું પરત ખેંચી લીધાની ''ટેલીગ્રામ'' થી બેંકના સદશ્યો મેનેજીંગ ડીરેકટરને જાણ કરાયેલ હોવા છતાં, અને તેવી જાણ હોવા છતાં બદઇરાદાથી, બળજબરીથી લખાવવામાં આવેલ રાજીનામું નામંજુર કરવાની ''ટેલીગ્રાફીટક'' એપ્રોચ કરેલ હોવા છતાં મંજુર કરવામાં આવેલ છે. જેથી નામદાર નીચેની કોર્ટમાં પુરાવો લીધા વગર પુરવાર થઇ શકે નહીં. તેથી જ આંક-૯૪ હેઠળ હુકમ કરેલ છે, જે કાયદેસરનો છે. જે હકીકત રીવીઝનના નિર્ણય વખતે ધ્યાને લેવા અરજ છે.

૩. સામાવાળા નં. ૨ નાઓએ આંક-૯ થી પુરશીષ આપી સામાવાળા નં. ૧ નો જવાબ એડોપ્ટ કરે છે, અને વધુ કોઇ જવાબ આપવા માંગતાં નથી, તેમ જાહેર કરેલ છે.

INDEX

૪. સામાવાળા નં. ૧ નાઓએ આંક-૧૦ થી સોગંદનામું કરેલ છે, અને આંક-૧૧ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે.

૫. સામાવાળા નં. ૧ દ્વારા આંક-૧૨ થી લેખીત દલીલો આપવામાં આવેલ છે. અરજદારના વકીલશ્રીની દલીલો સાંભળી.

૬. મુળ બી.આઇ.આર. અરજી નં. ૩/૨૦૦૦ નું રેકર્ડ ધ્યાનમાં લેવામાં આવે, તો આ કામના સામાવાળા નં. ૧ નો એવો કેસ છે કે, તેઓ પાસેથી તા. ૨-૨-૯૯ ના રોજ બળજબરીપુર્વક રાજીનામું લખાવી લેવામાં આવેલું.

મુળ કામમાં સામાવાળા નં. ૧ નાઓએ આંક-૪ ના લીસ્ટથી તા. ૮-૨-૨૦૦૦ ના રોજનો વિનંતી પત્ર, તેની પોસ્ટની મની રસીદ અસલ તથા તેની એકનોલેજમેન્ટ અસલ રજુ કરેલ છે.

મુળ કામમાં નિ. ૧૮/૭ થી તા. ૨-૨-૯૯ ના રોજનું રાજીનામું નિ. ૧૮/૨૩ થી તા. ૧૦-૧-૨૦૦૦ ના રોજનો વિનંતીપત્ર, જેનો સામાવાળા નં. ૨ એ આપેલ જવાબ તા. ૧૧-૧-૨૦૦૦ નો નિ. ૧૮/૨૫ થી રજુ કરેલ છે.

મુળ કામમાં સામાવાળા દ્વારા અરજદારે તા. ૨-૨-૯૯ ના રોજ આપેલ રાજીનામું અસલ આંક-૬૬ થી તથા સદર રાજીનામું મંજુર કરતો તા. ૩-૨-૯૯ ના રોજનો પત્ર રજી. એ.ડી. થી તથા યુ. પી. સી. થી મોકલ્યાનો દસ્તાવેજી પુરાવો અસલ રજુ કરવામાં આવેલ છે.

આ કામના અરજદારને મુળ કામમાં આંક-૭૩ ની અરજી ઉપર તા. ૨૬-૧૦-૧૦ ના રોજ હુકમ કરી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે, અને તે હુકમ થતાં આ કામના સામાવાળા નં. ૧ નાએ આંક-૯૦ થી સુધારેલી અરજી તા. ૩-૧૨-૧૦ ના રોજ કરેલ છે.

ત્યારબાદ આ કામના અરજદારે આંક-૯૪ થી પ્રાથમીક મુદ્દાની અરજી કરેલ છે. જે લેબર કોર્ટે અંશતઃ મંજુર કરી સમય મર્યાદાનો મુદ્દો મુળ અરજી સાથે સાંભળવા અને ન્યાય નિર્ણય કરવા હુકમ કરેલ છે.

૭. બી.આઈ.આર. એકટની કલમ-૪૨(૪) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

"Section 42(4) :-

Any employee (or a representative union) desiring a change in respect of (i) and order passed by (the) employer under standing orders. or (ii) any industrial matter arising out of the application or interpretation of standing order; or (iii) an industrial specified in Schedule III, shall make an application to the Labour Court :

INDEX

Provided that no such application shall lie unless the employee (or a representative union) has in the prescribed manner approached (the) employer with a request for the change and no agreement has been arrived at in respect of the change within the prescribed period."

૮. બી.આઇ.આર. એકટ (ગુજરાત) રૂલ્સ ૧૯૬૧ ની કલમ-૫૩માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

"Section 53(1)

Any employee or a Representative Union desiring a change in respect of (i) and order passed by the employer concerned under standing orders, or (ii) any industrial matter arising out of the application or interpretation of Standing order, or (iii) an industrial specified in Schedule III, shall make an application in wirting to the employer. An application for change in respect of an order passed by the employer under standing order shall be made within a period of six months from the date of such order. Where such application is made by an employee it may be made to the employer direct or through the Labour Officer for the local area or the representative of employees concemed. A copy of the application shall be forwarded to the commissioner of Labour and in case where such application is not made through the Labour Officer for the local area to that officer.

૯. નામદાર ગુજરાત હાઇકોર્ટે અશોકા મીલ્સના કેસમાં (૧૯૯૪ લેબ. આઇ. સી. ૧૩૩૭) ઠરાવેલ છે કે, લેબર કોર્ટને સમય મર્યાદા બહારની અરજીનો ન્યાય નિર્ણય કરવાની સતા નથી.

. પ્રસ્તુત કેસમાં પણ સામાવાળા નં. ૧ નાઓએ બી.આઇ.આર. એકટમાં ઠરાવ્યા મુજબનો વિનંતીપત્ર પાઠવી ઠરાવેલ સમય મર્યાદામાં અરજી કરેલ છે કે કેમ ? તેનો ન્યાય નિર્ણય પ્રથમ થવો જંરૂરી છે. કારણ કે સદરહુ મુદ્દો વિવાદના મુળને સ્પર્શે છે, અને તેથી સદરહુ મદ્દાને પ્રાથમીક મુદ્દો ગણી, તેનો લેબર કોર્ટ પ્રથમ ન્યાય નિર્ણય કરે, તેવો હુકમ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

૧. અરજદારની રીવીઝન અરજી મંજુર કરવામાં આવે છે.

૨. લેબર કોર્ટે આંક-૯૪ હેઠળ કરેલ હુકમ રદ કરવામાં આવે છે.

૩. લેબર કોર્ટે અરજદારે આંક-૯૪ થી ઉપસ્થિત કરેલ મુદ્દાને પ્રથમ સાંભળી સદરહુ પ્રાથમીક મુદ્દાનો પ્રથમ ન્યાય નિર્ણય કરવા હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૭મી જુન, ૨૦૧૨.

આર. એ. ખોખર,
ઔદ્યોગિક અદાલત, નં. ૨,
રાજકોટ.

આ નિવેડાની આજ તા. ૨૦મી નવેમ્બર, ૨૦૧૨ના રોજ ક્રમાંક ૭/૨૦૧૨થી નોંધપત્રકમાં નોંધ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૧૨.

(સહી) અવાચ્ય,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક : ખ-શમક-૮૧/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી. રાજકોટ અને સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ, રાજકોટની ,વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૧૨નાં નવેમ્બર માસનાં વીસમાં દિને આથી નોંધ કરું છું.

INDEX

આંક-૧૨૪

એ.આર. ખોખર,
ઔદ્યોગિક અદાલત-૨, રાજકોટ સમક્ષ
રેફરન્સ (આઈ.સી.) નં. ૧/૨૦૦૨.

જનરલ મેનેજર, પ્રથમ પક્ષકાર :
રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લી.,
સહયોગ, હેડ ઓફીસ, ઢેબરભાઈ રોડ,
રાજકોટ.

વિરૂદ્ધ

સૌરાષ્ટ્ર કચ્છ મજુર સંઘ, બીજા પક્ષકાર :
૩૧૭, પંચનાથ કોમર્શીયલ સેન્ટર,
હરીકર ચોક, રાજકોટ.

પ્રથમ પક્ષકાર તરફે : વિ. વ. શ્રી એસ. બી. ગોગીયા.

બીજા પક્ષકાર તરફે : વિ. વ. શ્રી જી. આર. ઠાકર.

વિષય :- બી.આઈ.આર. એકટની કલમ-૭૩-એ હેઠળની અરજી.

એવોર્ડ

આ વિવાદના બીજા પક્ષકાર સૌરાષ્ટ્ર કચ્છ મજુર સંઘે આ કામના પ્રથમ પક્ષકાર રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેન્ક લી., રાજકોટને તા. ૨૧-૨-૨૦૦૨ના રોજ બી.આઈ.આર. એકટની કલમ-૪૨(૨) અને નિયમ ૫૨ અન્વયે ફેરફારની નોટીસ ફોર્મ ''એલ''માં આપી શ્રમયોગી શ્રી હુસેનભાઈ મીરાજીભાઈ કુરેશી પટાવાળાની બેન્કના રેકર્ડમાં નોંધાયેલ જન્મ તારીખમાં ફેરફાર કરવા અંગેની નોટીસ આપી માંગણી ઉપસ્થિત કરેલ. જે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહીમાં દાખલ કરવામાં આવેલ. પરંતુ વિવાદમાં સમાધાન ન થતાં, બંને પક્ષકારોની સંમતિથી બી.આઈ.આર. એકટની કલમ-૭૩-એ ની જોગવાઈ અન્વયે આ વિવાદ અદાલતને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે.

૨. બીજા પક્ષકાર યુનિયને આંક-૩ થી માંગણાનું નિવેદન કરેલ છે. જેમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, માંગણીનાં સંકળાયેલ અરજદાર સામાવાળાને ત્યાં પટાવાળા તરીકે ઘણાં વર્ષોથી કાયમી કર્મચારી તરીકે સળંગ અને એકધારી વફાદારીપૂર્વકની ફરજ બજાવતાં હતાં, અને તેઓની કામગીરી સબબ ક્યારેય કોઈ ફરીયાદ થયેલ નથી. માંગણીનાં સંકળાયેલ શ્રમયોગી સામાવાળાને

INDEX

ત્યાં નોકરીમાં દાખલ થયા ત્યારે શ્રમયોગીને જન્મ તારીખના કોઇપણ દાખલા માંગ્યા વગર નિમણુંક આપેલ, અને ત્યારબાદ જન્મ તારીખની નોંધ રેકર્ડ ઉપર લેવાની થઇ ત્યારે અંદાજીત જન્મ તારીખ નોંધવામાં આવેલ. શ્રમયોગીના મોટા ભાઇ શ્રી ઇબ્રાહીમભાઇ કુરેશી બેન્કમાં પટવાળા તરીકે નોકરી કરતાં હતાં, અને તેમની જન્મ તારીખ બેન્કનાં રેકર્ડમાં તા. ૧૭-૧૨-૪૫ નોંધવામાં આવેલ છે. એટલે કે તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ ની છે. ત્યારબાદ આ જ જન્મ તારીખ એટલે કે તા. ૧૭-૧૨-૪૫ની નોંધ આ જ શ્રમયોગીની નોંધ જન્મ તારીખ તરીકે નોંધવામાં આવેલ છે.

આ શ્રમયોગીનો જન્મ ભારતની આઝાદી પહેલાંનો જન્મ છે. એટલે કે તા. ૯-૬-૪૮ના રોજ થયેલ છે. આ અરસામાં માણસની જન્મ તારીખની નોંધ કરાવવા અંગેની મનુષ્યને કોઇ ગંભીરતા ન હતી. તેમજ ૧૯૪૮ની સાલમાં ભારત દેશમાં બીનસાક્ષરતાનું પ્રમાણ આશરે ૮૦ ટકા જેટલું હતું. અને તેમાં પણ ગામડાની બીન સાક્ષરતા ખુબ જ મોટા પાયે હતી. જેના કારણે આ શ્રમયોગીની જન્મ તારીખ જે તે સમયે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુકથી તેમના ભાઇની એટલે કે ઇબ્રાહીમ મીરાજી કુરેશીની લખાવેલ છે. આ તબક્કે અમો આપ નામદાર કોર્ટનું ધ્યાન દોરતાં જણાવીએ છીએ કે, માંગણીમાં સંકળાયેલ શ્રમયોગી અને તેમના ભાઇ ઇબ્રાહીમભાઇ જોડીયા ભાઇ ન હતાં જેથી તેઓ બંનેની જન્મ તારીખ એક હોવાનો પ્રશ્ન ઉદભવતો નથી. અમો વિશેષ રીતે નમ્રપણે જણાવીએ છીએ કે માંગણીમાં સંકળાયેલ કામદારના પિતાશ્રીનું નામ મીરાજી કુરેશી છે, અને તેમના માતુશ્રીનું નામ બીબીબેન છે. એમ તેઓ કુલ નીચે મુજબ ભાઇ બહેન છે.

અલારખા મીરાજી કુરેશી	જન્મ તારીખ ૧૦-૩-૧૯૩૫
એહમદ મીરાજી કુરેશી	જન્મ તારીખ ૨૩-૮-૧૯૪૦
દાઉદ મીરાજી કુરેશી	જન્મ તારીખ ૩-૧-૧૯૪૩
ઇબ્રાહીમ મીરાજી કુરેશી	જન્મ તારીખ ૧૭-૧૨-૪૫
હુસેન મીરાજી કુરેશી	જન્મ તારીખ ૯-૬-૧૯૪૮

આમ તેઓ કુલ પાંચ ભાઇઓ તેમને કોઇ બહેન નથી. માંગણીમાં સંકળાયેલ શ્રમયોગીના પિતાશ્રીનું અવસાન ૧૯૫૭ની સાલમાં થયેલ છે, અનેત્યારબાદ તેમના માતુશ્રીનું અવસાન આશરે ૧૫ વર્ષ પહેલાં થયેલ છે.

માંગણીમાં સંકળાયેલ શ્રમયોગીને તેમની આ જન્મ તારીખ સામાવાળાએ તેમના રેકર્ડમાં તા. ૧૭-૧૨-૪૫ની નોંધેલ હોવાની માહીતી મળતાં, શ્રમયોગીએ સામાવાળાને ૧૯૯૯ની સાલથી તેમની ખરી જન્મ તારીખ અંગે અને તે મુજબ સુધારો કરવા અંગે રજુઆત કરતાં આવ્યા છે. જે રજુઆતો અંગેનો તમામ પત્ર વ્યવહાર આ સાથેના દસ્તાવેજી પુરાવાના લીસ્ટથી રજુ

INDEX

કરેલ છે. પરંતુ શ્રમયોગીની આ રજુઆતોને સામાવાળાએ કોઈપણ અગમ્ય કારણોસર માન્ય રાખેલ નહીં. જેથી શ્રમયોગીને ના છુટકે અને ના ઈલાજે તેમની જન્મ તારીખ સુધારવા વાસ્તે ૨૧-૨-૨૦૦૧ના રોજ ફેરફારની નોટીસ આપવાની ફરજ પડેલ. જે નોટીસનો સામાવાળાએ કોઈ પ્રત્યુતર આપેલ નહીં. જેથી શ્રમયોગીએ કન્સીલીએટર સમક્ષ કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરેલ. જેના અનુસંધાને કન્સીલીએટરશ્રી એ સદર કાયદાની જોગવાઈ મુજબ સર્ટીફીકેટ કાઢી આપેલ છે. ઉપરોકત જણાવેલ સત્ય હકીકતે આ શ્રમયોગીની જન્મ તારીખ ૯-૬-૪૮ ની છે. તેમ છતાં સામાવાળા તરફથી તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ ની ગણતરીમાં લઈ તા. ૩૧-૧૨-૨૦૦૩ના રોજ નિવૃત્તની વય તા. ૮-૬-૨૦૦૮ની થાય છે. અને આમ ખુબ જ લાંબો તફાવત પડતો હોય, શ્રમયોગીને ખુબ જ અન્યાય થાય છે, અને જેના કારણે શ્રમયોગીને મોટા પાયે પગારનું તથા નિવૃત્તિના લાભોનું નુકસાન થાય છે. જેથી આ શ્રમયોગીની નિવૃત્તિની વય એટલે કે તા. ૮-૬-૨૦૦૬નો સામાવાળી બેંકના રેકર્ડમાં થવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે.

માંગણીમાં સંકળાયેલ શ્રમયોગીની સાચી અને ખરી જન્મ તારીખ ૯-૬-૪૮ની છે. અને તે અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા આ શ્રમયોગીએ સામાવાળા સમક્ષ રજુ પણ કરેલ છે. તેમ છતાં સામાવાળા તરફથી નકારાત્મક વલણ અપનાવતા હાલનો વિવાદ ઉપસ્થિત થયેલ છે.

બીજા પક્ષકાર યુનિયને માંગણાની નિવેદનમાં સંબંધિત શ્રમયોગી શ્રી હુસેનભાઈ મીરાજીભાઈ કુરેશીની બેન્કના રેકર્ડમાં અંદાજીત જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ની લખાયેલ છે, તે ભુલથી લખાયેલ છે, અને ખરી ન હોય, તે સુધારી ખરી અને સત્ય જન્મ તારીખ ૯-૬-૪૮નો સુધારો પ્રથમ પક્ષકાર બેન્ક તેમના રેકર્ડમાં કરે, અને તે મુજબ સંબંધિત શ્રમયોગીની નિવૃત્તિ વયની તા. ૮-૬-૨૦૦૬ ગણે તેવો હુકમ કરવાની દાદ માંગેલ છે.

૩. પ્રથમ પક્ષકાર બેન્કે આંક-દથી બચાવનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે, ''માંગણીના નિવેદનમાં જણાવવામાં આવેલ વિધાનો અને આક્ષેપો ખરા નથી તેમજ હાલનો રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે નહીં. આ કામમાં અમો સામાવાળા પ્રાથમીક મુદ્દો ઉપસ્થિત કરીને જણાવવા રજા લઈએ છીએ કે, અમારી સંસ્થા બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એકટ ૧૯૪૬ હેઠળ આવરી લેવાયેલ સંસ્થા છે, અને તે કારણે અમારી સંસ્થાના કર્મચારીઓ અને અમો સામાવાળી બેન્કના રીલેશન્સ બી.આઈ.આર. એકટ નીચે નિયંત્રિત થાય છે. સંબંધિત યુનિયન બી.આઈ.આર. એકટ-૧૯૪૬ નીચે રીપ્રેઝન્ટેટીવ યુનિયન નથી. અને તેમાં સહી કરનાર મહામંત્રી રીપ્રેઝન્ટેટીવ યુનિયનના હોદ્દેદારો નથી, જેથી કલમ-૪૨ (૨) હેઠળ કોઈ વાદ વિવાદ ઉપસ્થિત કરવા તેઓને કોઈ અધિકાર નથી. કલમ-૪૨ (૨) નીચે મુજબ છે.

"42(2) : An employee desiring a change in respect of an industrial matter not specified in Schedule I or III shall give notice in the prescribed form to the employer through the representative of employees, who shall forward a copy of

INDEX

the notice to the Chief Conciliator the Conciliator for the industry concernced for the local area, the Registrar, the Labour Office and such other person as may be prescribed."

જેથી આમાં પણ કોઈ નોટીસ આપવાની હોય તો through the representative of employees હોવું જોઈએ. જ્યારે આ કામમાં હાલનું યુનિયન રીપ્રેઝન્ટેટીવ યુનિયન નથી. ૧૯૫૫ સેકન્ડ એલ.એલ.જે. પાના ૪૯૪ ઉસ્માન હબીબ અને સ્ટેટ બેન્ક ઓફ બોમ્બે અને બીજાઓના કેસમાં બોમ્બે હાઈકોર્ટે ઠરાવેલ છે કે :-

"Taking into consideration the object of the Bombay Industrial Act and the importance given to the representative union in various proceeding and in view of the provisions of Ss. 27A, 32, 33, 44 the provisions contained in S. 42 (2) must be interpreted to mean that the only right that the confers upon an aggrived employee is to submit to the representative union his grievances and it is ultimately for the representative union : alone to decide whether a notice of change should be given and having so decided it is for the representative union to give a notice under S.42 (2).

Further S.27 A makes it clear that all acts and appearances under the Act have to be made through the representative of the employees and not by an individual employee. Section 27 A does not refer only to conciliation proceedings; it refers to any proceeding and if a proceeding is required under the Act at all, that proceeding could only be taken by and employee through his representative. It is not correct to say that formal notice to be given S.42 (2) is not a proceeding under the Act.

The provisions of S.27 A and S.44 thus conclusively show that right to give a notice of change under S-42(2) is not conferred upon the individual employee and it is conferred only upon the representative union. It is for the employee to place before such union what the grievances are justified, to give the necessary notice of change under S.42(2).

જેથી કલમ ૪૨ (૨) કે કલમ ૫૪ (૧) હેઠળ કોઈ વાદ વિવાદ ઉપસ્થિત કરી શકતાં નથી. આ અને રેફરન્સ તે કારણસર પ્રથમ દ્રષ્ટિએ રદ થવાને પાત્ર છે.

અમો સામાવાળા અખાથી વધુમાં પ્રાથમીક મુદો ઉપસ્થિત કરીને જણાવવા રજા લઈએ છીએ કે, હાલનો રેફરન્સ ડીલે અને લેચીસના કારણે પણ રદ થવાને પાત્ર છે, કે જ્યારે નોકરીના

INDEX

થોડાક વર્ષો રહેલ છે, એટલે કે તા. ૩૧-૧૨-૨૦૦૩ના રોજ રીટાયર થવાના છે; ત્યારે જ આ રીતે નોટીસ આપી ઝગડો ઉભો કરવો તે કોઈપણ રીતે ચાલી શકે નહીં. ઉપરના અમારા પ્રાથમીક વાંધાઓને કાયદેસર રીતે કોઇ બાધ ન આવે, તે રીતે માંગણીના નિવેદનમાં જણાવવામાં આવેલ કોઈપણ વિધાનો કે મજકુરો ખરાં ન હોય, અમો તે કબુલ રાખતાં નથી, તેમજ હાલના અરજદારે તે તમામ બાબતો નિઃશંકપણે સાબીત કરવી જોઈએ.

માંગણીના નિવેદન પારા-૧ ના જવાબમાં જણાવવાનું કે અરજદાર સામાવાળાને ત્યાં પટાવાળા તરીકે ઘણાં વર્ષોથી કાયમી કર્મચારી તરીકે નોકરી કરે છે, તે વિધાનો સાચા છે. પરંતુ તેઓ એકધારી વફાદારીપુર્વક ફરજ બજાવતાં હતાં, કે તેની કામગીરી સબબ કયારેક કોઇ ફરીયાદ થયેલ નથી તે વિધાનો અપ્રસ્તુત તેમજ ગેર રસ્તે દોરનાર છે.

માંગણીના નિવેદન પારા-૨ ના જવાબમાં જણાવવાનું કે, અરજદાર જ્યારે નોકરીમાં દાખલ થયેલ ત્યારે તેમની જન્મ તારીખનો કોઈપણ દાખલો માંગ્યા વગર નિમણુંક આપેલ, કે ત્યારબાદ જન્મ તારીખ રેકર્ડ ઉપર લેવાની થઇ ત્યારે અંદાજીત જન્મ તારીખ નોંધવામાં આવેલ, કે અરજદારના મોટાભાઇ શ્રી ઇબ્રાહીમભાઇ મીરાજીભાઇ કુરેશી બેન્કમાં પટાવાળા તરીકે નોકરી કરતાં હતાં, કે તેમની જન્મ તારીખ બેન્કમા રેકર્ડમાં તા. ૧૭-૧૨-૧૯૪૫ નોંધવામાં આવેલ, કે એટલે કે અરજદારની જન્મ તારીખ પણ એ જ નોંધવામાં આવેલ, તે વિધાનો ખરા નથી, અને તે અપ્રસ્તુત, ગેરરસ્તો દોરનારા, ગેરકાયદેસર, વાહીયાત અને ઉપજાવી કાઢેલા હોવાથી અમો સામાવાળા તે કબુલ રાખતાં નથી, અને તે તમામનો આથી સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે.

માંગણીના નિવેદનના પારા-૩ અને ૪ ના જવાબમાં જણાવવાનું કે, અરજદારનો જન્મ ભારતની આઝાદી પહેલાંનો છે. એટલે કે તા. ૯-૬-૧૯૪૮ના રોજ થયેલ છે, કે તે અરસામાં માણસની જન્મ તારીખની નોંધ કરાવવા અંગેની મનુષ્યને કોઇ ગંભીરતા ન હતી, કે ૧૯૪૮ની સાલમાં ભારત દેશમાં બિન સાક્ષરતાનું પ્રમાણ ૮૦ ટકા હતું, કે ગામડામાં બિનસાક્ષરતા મોટા પાયે હતી, કે જેના કારણે અરજદારની જન્મ તારીખ જે તે સમયે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુકથી તેમના ભાઇની એટલે કે ઇબ્રાહીમ મીરાજી કુરેશીની લખાવેલ છે, આ તબક્કે અરજદાર તેમના ભાઇ ઇબ્રાહિમભાઇ જોડીયા ભાઇ ન હતાં, કે તેઓ બંનેની એક જ જન્મ તારીખ હોવાનો પ્રશ્ન ઉદભવતો નથી. કે અરજદારના પિતાશ્રીનું નામ મીરાજી કુરેશી છે, કે તેમના માતુશ્રીનું નામ બીબીબેન છે, કે તેઓ પાંચ ભાઇઓ હતાં, કે તેમની જન્મ તારીખ તેમના નામ સામે દર્શાવેલ છે, તે સાચી છે. કે તેમને કોઇ બેન નથી, કે પિતાશ્રીનું અવસાન ૧૯૫૭ની સાલમાં થયેલ છે કે, માતુશ્રીનું અવસાન ૧૫ વર્ષ પહેલાં થયેલ છે, વિગેરે વિધાનો અને આક્ષેપો ખરા નથી, અને તે અપ્રસ્તુત, ગેર રસ્તે દોરનાર, ગેરકાયદેસર, વાહીયાત અને ઉપજાવી કાઢેલ હોવાથી અમો સામાવાળા તે કબુલ રાખતાં નથી. અને તે તમામનો આથી સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે.

INDEX

માંગણાના નિવેદનનાં પારા-૫, ૬ અને ૭ ના જવાબમાં જણાવવાનું કે અરજદારની જન્મ તારીખ સામાવાળાના રેકર્ડમાં તા. ૧૭-૧૨-૧૯૪૫ નોંધાયેલ છે, તે માટે ૧૯૯૯ની સાલથી તેમણે ખરી જન્મ તારીખ અંગેનો સુધારો કરવા રજુઆત કરતાં આવ્યા છે કે, રજુઆતો અંગેનો તમામ પત્ર વ્યવહાર જુદા લીસ્ટથી રજુ કરેલ છે કે, અગમ્ય કારણોસર તે માન્ય રાખેલ નથી, કે ના છુટકે, નાઈલાજે તેમની જન્મ તારીખ સુધારવા વાસ્તે તા. ૨૧-૨-૨૦૦૨ના રોજ ફેરફારની નોટીસ આપેલ છે, કે નોટીસનો સામાવાળાએ કોઈ પ્રત્યુતર આપેલ નથી, કે કન્સીલીએટર સમક્ષ કાયદાની જોગવાઇ મુજબ કાર્યવાહી કરેલ છે, કે કન્સીલીએટરશ્રીએ કાયદાની જોગવાઇ મુજબ સર્ટીફીકેટ કાઢી આપેલ છે, કે અરજદાની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ કે ખરી હકીકતે અરજદારની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની ગણતાં, તેમની નિવૃત્તિ વય તા. ૮-૬-૨૦૦૬ની થાય છે. આમ ખુબ જ લાંબો તફાવત પડતો હોય, અરજદારને અન્યાય થયેલ છે કે, અરજદારને મોટાપાયે પગારનું કે નિવૃત્તિના લાભોનું નુકસાન જાય છે. કે નિવૃત્તિ વય તા. ૮-૬-૨૦૦૬ની સામાવાળી બેન્કના રેકર્ડમાં થવી યોગ્ય છે કે વ્યાજબી છે કે ન્યાયી છે કે સાચી અને ખરી જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની છે, કે તે અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા અરજદારે રજુ કરેલ છે, કે તેમ છતાં નકારાત્મક વલણ અપનાવેલ છે, વિગેરે વિધાનો અને આક્ષેપો ખરા નથી. અને તે અપ્રસ્તુત, ગેરરસ્તે દોરનારા, ગેરકાયદેસર, વાહીયાત અને ઉપજાવી કાઢેલ હોવાથી અમો સામાવાળા તે કબુલ રાખતાં નથી, અને તે તમામનો આથી સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે. સંબંધિત યુનિયનના મહામંત્રીએ માંગણીના નિવેદનના પારા-૫ માં દસ્તાવેજી પુરાવાના લીસ્ટ સાથે તમામ દસ્તાવેજો રજુ કરેલ છે, તેવું જે જણાવેલ છે, તે દસ્તાવેજો અમોને આપેલ નથી. જેથી તે આપ્યે અમારો વધુ જવાબ રજુ કરવાનો હક્ક અબાધીત રાખીએ છીએ. સંબંધીત યુનિયનના મહામંત્રીએ પારા-૫ માં વધુમાં એવું જણાવેલ છે કે, કન્સીલીએટરશ્રીએ કાયદાની જોગવાઇ મુજબ સર્ટીફીકેટ કાઢી આપેલ છે. પંરતુ તે ખોટું છે. કારણ કે જ્યારે આ યુનિયન રીપ્રઝન્ટેટીવ યુનિયન નથી, ત્યારે કન્સીલીએટરશ્રીએ સર્ટીફીકેટ કાઢી આપેલ હોય તો પણ તે ગેરકાયદેસર ઠરે છે. જેથી તે સર્ટીફીકેટ કાયદાની જોગવાઇ મુજબ કાઢી આપેલ છે, તે અમો કબુલ રાખતાં નથી.

અમો સામાવાળા આથી જણાવવા રજા લઈએ કે અરજદાર જ્યારે બેન્કની નોકરીમાં પટાવાળા તરીકે દાખલ થયેલ, અને જ્યારે તેઓને નોકરીમાં કાયમી કરવામાં આવેલ, ત્યારે બેન્કના રેકર્ડનો જન્મ તારીખનો આધાર ન હોવાથી, તે આધાર રજુ કરવા અમો બેન્કે અરજદારને જણાવેલ. એટલું જ નહી, તા. ૮-૨-૯૧, તા. ૨૯-૪-૯૧ અને ૨૦-૬-૯૧ અરજદારને જન્મ તારીખનો આધાર બેન્કમાં રજુ કરવા જાણ કરવામાં આવેલ. પરંતુ અરજદાર તે મુજબના આધાર આટલા પત્રો લખવા છતાં રજુ નહીં કરતાં, બેન્કે નગરપાલીકા શાળા, સુરેન્દ્રનગરમાંથી અરજદારનો નિશાળ છોડ્યા બાબતનો દાખલો, તથા પે કેન્દ્ર શાળા ભૃગુપુરનો જન્મ તારીખનો દાખલો મેળવેલ છે. જે બંને દાખલામાં અરજદારની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ હોવાથી અમો બેન્કનાં રેકર્ડમાં આ જન્મ તારીખ નોંધવામાં આવેલ.

INDEX

અમો સામાવાળા આથી વધુમાં જણાવવા રજા લઈએ છીએ કે, અરજદારે અમો બેન્કમાંથી ૧૯૯૭માં મેળવેલ સ્ટાફ હાઉસીંગ લોન અન્વયે પોતાનો જીવન વિમો ઉતરાવવા બેન્કને પોતાના પગારમાંથી પ્રીમીયમની કપાત કરવા લખી આપેલ અધિકારપત્રમાં પોતાની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ હતી. આ ઉપરાંત પ્રો. ફંડમાં કરવામાં આવેલ નોમીનેશન ફોર્મમાં પણ અરજદારે તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ છે. અમો સામાવાળા આથી વધુમાં જણાવવા રજા લઈએ છીએ કે, અરજદારે તા. ૫-૩-૧૯૯૯ના ગ્રામ પંચાયત ભૃગુપુરના જન્મ રજિસ્ટરનો જિલ્લા દફ્તર અધિકારી સુરેન્દ્રનગરમાંથી તા. ૧૭-૧૧-૧૯૯૮ના રોજ મેળવેલ જન્મનો દાખલો રજુ કરેલ. તેમાં બાળકની જાતી ''છોકરો'' લખેલ છે. પરંતુ, નામ કે આધાર જણાવેલ નહીં. જેથી, તા. ૮-૩-૧૯૯૯ના રોજ અમો બેન્કે અરજદારને જણાવેલ કે આ દાખલો અપૂર્ણ છે. તેથી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ મોકલવા જણાવેલ. તા. ૫-૬-૧૯૯૯ના રોજ જિલ્લા દફ્તર અધિકારી, સુરેન્દ્રનગરે અમો બેન્કને એક પત્ર લખી જણાવેલ કે, અરજદાર તેમની કચેરીમાંથી મેળવી ગયેલ, તેમના જન્મ તારીખના દાખલા માન્ય ગણવા નહીં અને તેમને કચેરીને પરત મોકલવા, તેમ જણાવેલ. આવી રીતે ઘણો પત્ર વ્યવહાર થયા બાદ તા. ૩૦-૧-૨૦૦૧ના રોજ પોતાની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ બેન્કના રેકર્ડમાં કરી આપવા કરેલ રજુઆતના આધારે તે રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં, તેમ અમો બેન્કે જણાવેલ. અમો બેન્કે પે કેન્દ્ર શાળા, ભૃગુપુર, તા. લીંબડી તથા નગરપાલિકાના શાળા નં. ૧, સુરેન્દ્રનગરમાંથી મેળવેલ દાખલાની નકલોની ઝેરોક્ષ મોકલાવેલ છે, જે આધાર માન્ય આધાર હોય, તે સિવાય અરજદારે મોકલેલ આધાર કે રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં.

અમો સામાવાળા આથી વધુમાં જણાવવા રજા લઈએ છીએ કે, આવા કુલ ૧૦૭ કર્મચારીઓ પાસેથી જન્મ તારીખના આધારો માંગવામાં ઓલ, અને દરેકના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના આધારે બેન્કમાં તે મુજબ દરેકની જન્મ તારીખ નોંધવામાં આવેલ છે, પરંતુ આ કિસ્સામાં માંગણી કરવા છતાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ નહીં કરતાં અમો બેન્કે જાતે સર્ટીફીકેટ મેળવીને અને તે મુજબ બેન્કના રેકર્ડમાં તારીખ નોંધેલ હતી. જેથી, અરજદાર ઈરાદાપૂર્વક આધારો મોકલતાં નહીં, અને ભળતી રજુઆતો કરી પોતાની જન્મ તારીખ સુધારવા માટે અયોગ્ય પ્રયત્નો કરેલ છે. જેથી અરજદારની જન્મ તારીખ સુધારવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

ઉપરના તમામ કારણોસર તથા હવે પછી આ કેસની સુનાવણી વખતે જે જે રજુઆતો કરવામાં આવે તે સમગ્ર બાબતો લક્ષમાં લઈ અરજદારની માંગણાના સુનાવણીના નિવેદનની પારા-૮ના પેટા પેરા ૧ થી ૩માં જણાવેલ કોઈપણ દાદ કે દાદો મેળવવા હક્કદાર થતાં નથી, તેમ ઠરાવી હાલનો કેસ ખર્ચ સહીત રદ કરવા હુકમ ફરમાવવા નમ્ર વિનંતી છે.

INDEX

(૪) પ્રથમ પક્ષકાર બેન્ક દ્વારા આંક-૭ થી પ્રાથમિક મુદ્દાની અરજી આપી બીજા પક્ષકાર યુનિયન તે રીપ્રેઝેન્ટેટીવ યુનિયન ન હોઈ, બીજા પક્ષકારને કલમ ૪૨(૨) હેઠળ કોઈ વિવાદ ઉપસ્થિત કરવાનો અધિકાર નથી, તેવો પ્રાથમિક મુદ્દો પ્રથમ સાંભળવા વિનંતી કરવામાં આવેલ છે.

(૫) બીજા પક્ષકાર તરફે આંક-૮ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જે નિ. ૮/૧ થી નિ. ૮/૨૬ને અનુક્રમે પાકા આંક-૧૨ થી ૩૭ આપવામાં આવેલ છે.

(૬) બીજા પક્ષકાર દ્વારા આંક-૯ થી પ્રાથમિક મુદ્દાની અરજીનો જવાબ આપવામાં આવેલ છે.

ત્યારબાદ પક્ષકારોના વકીલશ્રીઓની દલીલો સાંભળી મારા પુરોગામી દ્વારા આંક-૭ની પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ હુકમ કરી, પ્રથમ પક્ષકાર દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રાથમિક મુદ્દાનો ન્યાય નિર્ણય આ વિવાદના આખરી નિકાલ વખતે ધ્યાનમાં લેવા હુકમ કરવામાં આવેલ છે.

(૭) આ વિવાદના સંબંધિત શ્રમયોગીને આંક-૧૧ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''સંસ્થામાં હું ૧૯૭૧માં પટાવાળા તરીકે દાખલ થયેલો, મને કામગીરી બાબતે ક્યારેય કોઈ નોટીસ કે ઠપકો મળેલા નહીં દાખલ થયેલ ત્યારે મારી પાસેથી સંસ્થાએ જન્મ તારીખ બાબતે કોઈ આધાર માંગેલ ન હતો. મને કાયમી કર્યો ત્યારે પણ જન્મ તારીખનો આધાર માંગેલ ન હતો. સંસ્થાને જન્મ તારીખ નોંધવાની જરૂર પડેલ ત્યારે સંસ્થાએ અંદાજીત મારી જન્મ તારીખ નોંધેલ છે. સંસ્થામાં મારા મોટાભાઈ પણ નોકરી કરતાં હતાં. તેમનું નામ ઈબ્રાહીમ મીરાજી કુરેશી છે. તેમની જન્મ તારીખ બેન્કમાં તા. ૧૭-૧૨-૧૯૪૫ની નોંધેલ છે. આંક-૮/૧ થી મારા મોટાભાઈ બેન્કમાં નોકરી કરતાં હતાં. તે બતાવવા સારૂ ઈન્ટરવ્યુ પોષ્ટકાર્ડ અસલ જે બેન્ક તરફથી મોકલેલ તે આ સાથે રજુ કરેલ છે. મારા મોટાભાઈનું ચાલુ ફરજ દરમ્યાન અવસાન થયેલ છે. તેમની ગ્રેચ્યુઈટી હક્ક હીસ્સા બેન્કે જે ચૂકવેલ, તે અંગેનો બેન્કનો અસલ પત્ર આંક-૮/૨ થી આ કામે રજુ કરેલ છે. મારા મોટાભાઈ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતાં હતાં. આંક-૮/૩ થી તેની ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરેલ છે. ડ્રાઈવીંગ લાઈસન્સમાં તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ની નોંધેલ છે. અસલ હાલ કોર્ટમાં લાવેલ છું. જે રૂબરૂમાં કોર્ટને બતાવવામાં આવે છે. તેની ઝેરોક્ષ નકલ આંક-૮/૩ થી રજુ કરેલ છે. મારા મોટાભાઈ બેન્કમાં પ્યુનના હોદા ઉપર ફરજો બજાવતાં હતાં, બેન્કના રેકર્ડમાં મારી જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ની નોંધવામાં આવેલ છે. મારી તથા મારા મોટાભાઈની જન્મ તારીખ એક જ લખવામાં આવેલ છે. મારો તથા મારા મોટાભાઈનો જન્મ એક જ દિવસે (બેલડા તરીકે) થયેલ નથી. મને તા. ૧૬-૭-૧૯૭૨ થી બેન્કે નિમણૂંક પત્ર આપેલ, તેની અસલ પ્રત આ કામે આંક-૮/૪ થી રજુ કરેલ છે. મારી સાચી અને ખરી જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની છે. મારો જન્મ ચુડા

INDEX

સ્ટેટ રૂગુપુર ગામે થયેલ છે. ૧૯૪૮માં બીન સાક્ષરતાનું પ્રમાણ વધારે હતું. મારા માતા પિતા ભણેલા ન હતાં. મારા પિતાજીનું ૧૯૫૭માં અવસાન થયેલ છે. મારા માતુશ્રીનું પણ અવસાન થયેલ છે. સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જે જન્મ તારીખ લખી છે, તે મારા મોટા ભાઈની છે. અમો પાંચ ભાઈ છીએ, અને બહેન નથી.

(૧) સૌથી મોટા ભાઈનું નામ અલારખા મીરાજી છે, જન્મ તારીખ ૧૦-૩-૧૯૩૫ છે.

(૨) પછીના ભાઈનું નામ અહમદ મીરાજી છે, જન્મ તારીખ ૨૩-૮-૧૯૪૦ છે.

(૩) પછીના ભાઈનું નામ દાઉદ મીરાજી છે, જન્મ તારીખ ૩-૧-૧૯૪૩ છે.

(૪) પછીના ભાઈનું નામ ઈબ્રાહીમ મીરાજી છે, જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ છે.

(૫) હું પોતે, જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ છે.

મારી જન્મ તારીખ ખોટી લખાયેલ, તેની પ્રથમ જાણ મને ૧૯૯૯માં થઈ છે. અને ત્યારથી મેં બેન્કમાં જન્મ તારીખ અંગે રજૂઆતો કરી છે.

જિલ્લા દફ્તર અધિકારીને જન્મ તારીખ માટે દાખલો માંગેલ, તે માટે કરેલ અરજીનો મળેલ જવાબ આંક-૮/૫ થી આ કામે રજુ કરેલ છે. બેન્કને મેં આંક-૮/૬ થી જન્મ તારીખ ૯-૮-૧૯૪૮ મુજબ હમા કરી આપવા લખેલ પત્રની સ્થળપ્રત છે. આંક-૮/૭ થી બેન્કને લખેલ પત્રની સ્થળપ્રત છે, આંક-૮/૮ થી બેન્કે જવાબ આપેલ તે અસલ છે. આંક-૮/૯ થી ફરીથી બેન્કને જન્મ તારીખ સુધારવા અરજી કરેલ તેની ઝેરોક્ષ નકલ છે. તેનો જવાબ આંક-૮/૧૦ થી બેન્કે આપેલ છે. આંક-૮/૧૧ થી ફરી અરજી કરેલ તેની ઝેરોક્ષ નકલ તેનો બેન્કે આંક-૮/૧૨ થી જવાબ આપેલ છે, તે અસલ આ કામે રજુ કરેલ છે. આંક-૮/૧૩ થી બેન્કે જે જવાબ આપેલ તે અસલ આ કામે રજુ કરેલ છે. આંક-૮/૧૪ થી ફરી મેં આધાર પુરાવા સહીતના જે પત્ર બેન્કને લખેલ તેની સ્થળપ્રત નકલ છે. જે મળ્યા અંગેના તેમાં બેન્કના સહી સિક્કા છે. તેનો બેન્કે જવાબ આંક-૮/૧૫ થી આપેલ તે અસલ જવાબ છે. આંક-૮/૧૬ થી મારૂં સ્કુલ લીવીંગ ડુપ્લીકેટ સર્ટીફીકેટ છે. આ સર્ટીફીકેટ મને નગરપાલિકા શાળા મંડળ, સુરેન્દ્રનગર તરફથી આપવામાં આવેલ છે. જે ડુપ્લીકેટ અસલ છે. આંક-૮/૧૭ થી મારા મોટાભાઈ અલારખાને આપવામાં આવેલ પે કેન્દ્ર શાળા, ભૃગુપુર તરફથી કાઢી આપવામાં આવેલ દાખલો અસલ છે. આંક-૮/૧૮ થી ૮/૨૧ જે જિલ્લા દફ્તર અધિકારી, વઢવાણ સીટી તરફથી કાઢી આપવામાં આવેલ જન્મ તારીખ અંગેના દાખલા અસલ છે. જેમાં મારા બધા ભાઈઓની જન્મ તારીખ અંગેના દાખલા છે. આંક-૮/૨૨ થી ભૃગુપુર ગ્રામ પંચાયતે મારા મોટાભાઈનો જન્મ એક જ દિવસે થયેલ નથી, તે બાબતે આપેલ દાખલો અસલ છે. જેમાં સરપંચની સહી છે, અને પંચાયતનો સિક્કો છે. જે લેટરપેડ ઉપર આપવામાં આવેલ છે. મેં સરકારી ગેઝેટમાં પણ જન્મ તારીખ અંગે નોંધણી કરાવેલ, જે અસલ ગેઝેટ

INDEX

આંક-૮/૨૩ થી રજુ છે. આંક-૮/૨૪ માં બેન્કને કરેલ અરજીની સ્થળપ્રત છે. જેમાં બેન્કનો સિક્કો અને અધિકારીની સહી છે. આંક-૮/૨૫ થી બેન્કે મારી જન્મ તારીખ નહીં સુધારતાં, મેં મંડળ મારફતે આપેલ ડીમાન્ડ નોટીસની નકલ સ્થળપ્રત છે. જેનો બેન્કે આંક-૮/૨૬ થી બેન્કે જવાબ આપેલ છે, તે અસલ રજુ કરેલ છે. મારી રજુઆત સંદર્ભે બેન્કે મને મારી જન્મ તારીખ સુધારી આપવા મને સાંભળેલ નથી. મારી જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની છે. હાલમાં મને નિવૃત્ત કરેલ છે. તા. ૩૧-૧૨-૨૦૦૩ થી નિવૃત્ત કરેલ છે. ૧૯૪૫ થી ૧૯૪૮ સુધી હું ૩ વર્ષ માટે નોકરી મેળવવા હક્કદાર હતો. આથી મને તે સમયનો પગાર અને લાભો મળવા જોઈએ. તેવી મારી માંગણી છે. ઉપર જણાવેલ દસ્તાવેજોને પાકા આંક-૧૨ થી ૩૭ આપવામાં આવે છે.''

સંબંધિત શ્રમયોગીએ તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''અમારી બેન્કમાં ગુજરાત બેન્ક વર્કસ યુનિયન છે કે કેમ ? તેની મને ખબર નથી. આ યુનિયન રીપ્રેઝેન્ટેટીવ યુનિયન છે કે કેમ ? તેની પણ મને ખબર નથી. સૌરાષ્ટ્ર કચ્છ મજદૂર સંઘમાં હું સભ્ય છું. આ યુનિયનનો એકલો સભ્ય છું. બીજા કામદારો રીપ્રેઝેન્ટેટીવ યુનિયનના સભ્યો છે કે કેમ ? તેની મને ખબર નથી. મારૂં યુનિયન રીપ્રેઝેન્ટેટીવ યુનિયન છે કે કેમ ? તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બેન્કે મને તા. ૩૧-૧૨-૨૦૦૩ના રોજ નિવૃત્ત કરેલ છે, તે વાત ખરી છે કે, મેં આ રેફરન્સ વર્ષ ૨૦૦૨મા દાખલ કરેલ છે. બેન્કમાં હું શરૂઆતમાં પટાવાળા તરીકે દાખલ થયેલ હતો. છેલ્લે પણ હું પટાવાળા તરીકે ફરજમાં હતો. બેન્ક પાસે જન્મ અંગેનો આધાર ન હોવાથી બેન્કે મારી પાસે જન્મ અંગેનો આધાર માંગેલો, તે હકીકત ખરી છે. તા. ૩૦-૫-૧૯૯૨ના પત્રથી જન્મ તારીખ સ્કુલ લીવીંગ સર્ટીનો દાખલો મોકલવા તા. ૮-૨-૧૯૯૧, તા. ૨૯-૪-૧૯૯૧, તા. ૨૦-૬-૧૯૯૧ તથા તા. ૧૦-૯-૧૯૯૧ના રોજ પત્રો લખેલાં. તે પત્રો મને મળેલા નથી. તા. ૩૦-૫-૧૯૯૨ના પત્રનો જવાબ મેં આપેલ નથી. તા. ૩૦-૫-૧૯૯૨નો પત્ર મને મળેલ કે કેમ ? તે મને યાદ નથી.

ત્યારબાદ બેન્ક તરફે દસ્તાવેજો રજુ કરવાના હોઈ ઉલટ તપાસ મુલ્તવી રહેલ છે. પ્રથમ પક્ષકાર બેન્ક તરફે આંક-૪૨ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જે પૈકી નિ. ૪૨/૧ થી નિ. ૪૨/૫ને આંક-૪૫ થી ૪૯ તથા નિ. ૪૨/૭ થી નિ. ૪૨/૧૨ને આંક-૫૦ થી ૫૫ આપવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકાર તરફે આંક-૪૪ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જે નિ. ૪૪/૧ થી નિ. ૪૪/૩૯ને અનુક્રમે પાકા આંક-૫૬ થી ૯૪ આપવામાં આવેલ.

ત્યારબાદ સંબંધિત શ્રમયોગીની વધુ ઉલટ તપાસ લેવામાં આવેલ. જેમાં તેઓએ જણાવેલ છે કે, ''હું ૮ ચોપડી સુધી ભણેલો છું. સ્કુલના પ્રમાણપત્રમાં આંક-૫૨ માં મારી જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ની દર્શાવેલ છે. મેં મારી જન્મ તારીખ સુધારવા માટે અરજી

INDEX

૧૯૯૯માં કરેલ છે. મેં મારી જન્મ તારીખ સ્કુલના રેકર્ડમાં સુધારેલ નથી. તે વાત ખરી નથી કે, આ શ્રી ઈબ્રાહીમ મીરાજી તે મારા નાનાભાઈ હતાં. ગર્વ. બેન્કને નોટીલ આપેલ કે કેમ ? તેની મને ખબર નથી. મારી નોકરીમાં દાખલ તા. ૧-૬-૧૯૭૧ની છે. તે વાત ખરી નથી કે, મેં મારી જુબાનીમાં પણ ખોટી માહિતી આપેલ છે. તે વાત ખરી નથી કે, ગ્રામ પંચાયતનો દાખલો ખોટો છે. મને અગાઉ જે અસલ આઈ કાર્ડ આપેલ તે ગૂમ થતાં મેં ડુપ્લીકેટ આઈ કાર્ડ મેળવેલ હતું. જે આ કામે આંક-૯૬/૧ થી રજુ થયેલ છે. જે કાર્ડ ૧૯૯૭માં આપવામાં આવેલ છે.''

(૮) પ્રથમ પક્ષકાર દ્વારા આંક-૯૫ ના લીસ્ટથી સંબંધિત શ્રમયોગીનું આઈ કાર્ડ રજુ કરવામાં આવેલ છે. જેને પાકો આંક-૯૬ આપવામાં આવેલ છે.

(૯) બીજા પક્ષકાર તરફે આંક-૯૭ થી સાક્ષી તરીકે દાઉદ મીરાજી કુરેશીને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''હું સૌરાષ્ટ્ર પેપર બોર્ડમાં નોકરી કરૂં છું. હું કાયમી છું. મારો પી.એફ. કપાય છે. હાલમાં નોકરી પર છું. આ કામના અરજદાર મારા સગા નાનાભાઈ થાય છે. અમે પાંચ ભાઈઓ છીએ. સૌથી મોટાનું નામ ૧. અલારખાભાઈ, ૨. એહમદભાઈ, ૩. દાઉદભાઈ હું પોતે, ૪. ઈબ્રાહીમભાઈ અને ૫. હુસેનભાઈ (આ કામના અરજદાર) છે. અલારખાભાઈની જન્મ તારીખ ૧૦-૩-૧૯૩૫ની છે. શ્રી એહમદભાઈની જન્મ તારીખ ૨૩-૮-૧૯૪૦ની છે. મારી જન્મ તારીખ ૩-૧-૧૯૪૩ની છે. ઈબ્રાહીમભાઈની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ની છે. જ્યારે શ્રી હુસેનભાઈની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની છે. પાંચ ભાઈઓ પૈકી ત્રણ ભાઈઓ હૈયાત છીએ. અનુ. ૧, ૩ તથા ૫ હાલમાં હૈયાત છીએ. મારા માતા પિતા હૈયાત નથી. મારા માતા પિતા બન્ને અભણ હતાં.''

સંબંધિત સાક્ષીએ તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ''આ કામના બીજા પક્ષકાર હુસેનભાઈએ જન્મ તારીખ અંગે કેસ કરેલ છે. આ કામે બેન્કે રજુ કરેલ દસ્તાવેજો મેં જોયા નથી. હુસેનભાઈ તાલુકા હાઈસ્કુલ, સુરેન્દ્રનગરમાં ભણેલ હતાં. મારા ભાઈની બેન્કમાં દાખલ તારીખ કઈ છે, તેની મને ખબર નથી. બેન્કમાં નોકરી લેવા માટે તેમણે અરજી કરેલી કે નહીં તેની મને ખબર નથી. નોકરીમાં રહેતી વખતે જન્મ તારીખનો દાખલો બેન્કે માંગ્યો હશે તો તેમણે આપ્યો હશે. બીજા પક્ષકારે જન્મનો દાખલો બેન્કમાં આપ્યો હશે અને તેના આધારે બેન્કે તેમની જન્મ તારીખ નોંધી હશે. તો તે જન્મ તારીખ સાચી નથી. જન્મ તારીખ ખોટી નોંધાય છે, તેનું કારણ માબાપ સ્કુલમાં મૂકવા ગયા હોય ત્યારે ખ્યાલ બહાર નોંધાયેલ હશે. બીજા પાંચેય ભાઈઓ માટે આવી રીતે જન્મ તારીખ ખોટી નોંધાયેલ કે કેમ ? તે કહી ન શકું. કારણ કે, સ્કુલમાં કોણ મૂકવા ગયા હોય, તેની મને ખબર ન હોય. હુસેનભાઈની સાચી જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ની છે. વઢવાણ સીટીના રેકર્ડના આધારે આ જન્મ તારીખ ખરી હોવાનું હું જણાવું છું. આ અંગેનો રેકર્ડ આ કામે રજુ થયેલ હશે.

જિલ્લા દફ્તરી અધિકારીઓએ દાખલો રદ કરેલો તેની મને ખબર નથી. તે વાત ખરી છે કે, બેન્કમાં જે જન્મ તારીખ નોંધાયેલ હોય, તે ખરી હોય શકે."

(૧૦) બીજા પક્ષકાર દ્વારા આંક-૯૯ થી ક્લોઝીંગ પુરશીસ આપવામાં આવેલ છે.

(૧૧) પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૦૧ થી વલ્લભભાઈ સમજુભાઈ ચૌથાણીનાઓએ સરતપાસની એફીડેવીટ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "હું રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેન્ક લી.માં છેલ્લા ૨૫ વર્ષથી કામ કરૂં છું, અને સીનીયર ઓફીસર તરીકે છેલ્લા એક વર્ષથી છું. આ કામના બીજા પક્ષકાર હુસેનભાઈ મીરાજીભાઈ કુરેશીને હું ઓળખું છું. તેઓ અમારી બેન્કમાં પટાવાળા તરીકે કામ કરતાં. અમો આથી જણાવવા રજા લઈએ છીએ કે, અમારી સંસ્થા બોમ્બે ઈન્ડસ્ટ્રીયલ રીલેશન્સ એક્ટ, ૧૯૪૬ હેઠળ આવરી લેવાયેલ સંસ્થા છે. અને તે કારણે અમારી સંસ્થાના કર્મચારીઓ અને અમો સામાવાળા બેન્કના રીલેશન્સ બી.આઈ.આર. એક્ટ નીચે નિયંત્રિત થાય છે. સંબંધિત યુનિયન બી.આઈ.આર. એક્ટ નીચે રીપ્રેઝેન્ટેટીવ યુનિયન નથી. સંબંધિત યુનિયન સૌરાષ્ટ્ર કચ્છ મજૂર સંઘના એક જ સભ્ય જે હુસેનભાઈ મીરાજીભાઈ કુરેશી હતાં, તે સિવાય કોઈ તેના સભ્ય ન હતા, અને બી.આઈ.આર. એક્ટ નીચે રીપ્રેઝેન્ટેટીવ યુનિયન ન હોવાથી તેમાં માંગણી માટે સહી કરનાર મહામંત્રી રીપ્રેઝેન્ટેટીવ યુનિયનના હોદ્દેદાર નથી. રીપ્રેઝેન્ટેટીવ યુનિયન ગુજરાત બેન્ક વર્કસ યુનિયન છે. જેથી, કલમ ૪૨(૨) હેઠળ કોઈ વાદ વિવાદ ઉપસ્થિત કરવા સૌરાષ્ટ્ર કચ્છ મજૂર સંઘને કોઈ અધિકાર નથી. કલમ ૪૨(૨) નીચે મુજબ છે.

"42(2) :— An employee desiring a change in respect of an industrial matter not specified in Schedule I or III shall give notice in prescribed form to the employer through the representative of employees, who shall forward a copy of the notice to the Chief Conciliator the Conciliator for the industry concerned for the local area, the Registrar, the Labour Officer and such other person as may be prescribed."

જેથી, આ કામમાં જે નોટીસ આપવાની હોય તો through the representative of employees હોવું જોઈએ. જ્યારે આ કામમાં હાલનું યુનિયન રીપ્રેઝેન્ટેટીવ યુનિયન નથી, જેથી કલમ ૪૨(૨) અને નિયમ ૫૪(૧) હેઠળ કોઈ વિવાદ ઉપસ્થિત કરવા હકુમત નથી, અને આંક-૫૫ થી અમો એ એક પત્ર લખી અરજદારના વકીલશ્રી ઘનશ્યામભાઈ ઠાકરને જાણ કરેલ તે કારણે હાલનો રેફરન્સ રદ થવા પાત્ર છે.

અમો વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરીને સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જણાવીએ છીએ કે, હાલનો રેફરન્સ ડીલે અને લેચીસના કારણસર રદ થવાને પાત્ર છે. કારણ કે, નોકરીના થોડાક વર્ષ રહેલ હોય, એટલે કે, તા. ૩૧-૧૨-૨૦૦૩ના રોજ રીટાયર્ડ થવાના હોય, ત્યારે જ આ રીતે નોટીસ આપી ઝગડો ઊભો કરવો તે કોઈપણ રીતે ચાલી શકે નહીં.

INDEX

અમો સોગંદ ઉપર અને સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જણાવવા રજા લઈએ છીએ કે, અરજદાર એટલે કે, હુસેનભાઈ મીરાજીભાઈ કુરેશી જ્યારે બેન્કની નોકરીમાં પટાવાળા તરીકે દાખલ થયેલ, અને જ્યારે તેઓને નોકરીમાં કાયમી કરવામાં આવેલ, ત્યારે બેન્કના રેકર્ડમાં જન્મ તારીખનો આધાર ન હોવાથી આધાર રજૂ કરવા અમો બેન્કે અરજદારને જણાવેલ. એટલું જ નહીં તા. ૮-૨-૧૯૯૧, તા. ૨૯-૪-૧૯૯૧ અને તા. ૨૦-૬-૧૯૯૧ અરજદારને જન્મ તારીખનો આધાર બેન્કમાં રજૂ કરવા જાણ કરવામાં આવેલ. પરંતુ અરજદારે તે મુજબનો આધાર એટલે કે આટલા પત્રો લખવા છતાં રજૂ નહીં કરતાં બેન્કે નગરપાલિકા શાળા, સુરેન્દ્રનગરમાંથી અરજદારનો નિશાળ છોડ્યા બાબતનો દાખલો તથા પે કેન્દ્ર શાખા, ભૃગુપુરનો જન્મ તારીખનો દાખલો મેળવેલ. જે બન્ને દાખલામાં અરજદારની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ હોવાથી અમો બેન્કના રેકર્ડમાં આ જન્મ તારીખ નોંધવામાં આવેલ. અમો અમારા સોગંદ ઉપર અને સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જણાવવા રજા લઈએ છીએ કે, અરજદારે અમો બેન્કમાંથી ૧૯૯૭માં મેળવેલ સ્ટાફ હાઉસીંગ લોન અન્વયેનો પોતાનો જીવન વિમો ઉતરાવવા બેન્કને પોતાના પગારમાંથી પ્રીમીયમની રકમ કપાત કરવા લખી આપેલ અધિકાર પત્રમાં પોતાની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ હતી. આ ઉપરાંત પ્રોવીડન્ટ ફંડમાં કરવામાં આવેલ નોમીનેશન ફોર્મમાં પણ અરજદારે તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ છે.

અમો સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પૂર્વક જણાવવા રજા લઈએ છીએ કે અરજદારે તા. ૫-૩-૧૯૯૯ના ગ્રામ પંચાયત, ભૃગુપુરના જન્મ રજિસ્ટરનો જિલ્લા દફ્તર અધિકારી, સુરેન્દ્રનગરમાંથી તા. ૧૭-૧૧-૧૯૯૮ના રોજ મેળવેલ જન્મનો દાખલો રજૂ કરેલ. તેમાં બાળકની જાતી "છોકરો" લખેલ. પરંતુ નામ કે આધાર જણાવેલ નહીં. જેથી, તા. ૮-૩-૧૯૯૯ના રોજ અમો બેન્કે અરજદારને જણાવેલ કે, આ દાખલો અપૂર્ણ છે. તેથી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ મોકલવા જણાવેલ. તા. ૫-૬-૧૯૯૯ના રોજ જિલ્લા દફ્તર અધિકારી, સુરેન્દ્રનગરે અમો બેન્કને એક પત્ર લખી જણાવેલ છે કે, અરજદાર તેમની કચેરીમાંથી મેળવી ગયેલ તેમના જન્મ તારીખના દાખલા માન્ય ગણવા નહીં, અને તેમને કચેરીને પરત મોકલવા તેમ જણાવેલ. આવી રીતે ઘણા પત્ર વ્યવહાર થયા બાદ તા. ૩૦-૧-૨૦૦૧ના રોજ પોતાની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ બેન્કના રેકર્ડમાં કરી આપવા કરેલ રજૂઆતના આધારે તે રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં તેમ અમો બેન્કે જણાવેલ. અમો બેન્કે પે કેન્દ્ર શાળા, ભૃગુપુર, તા. લીંબડી તથા નગરપાલિકા શાળા નં. ૧, સુરેન્દ્રનગરમાંથી મેળવેલ દાખલાની નકલોની ઝેરોક્ષ મોકલેલ છે. જે આધાર માન્ય આધાર હોય, તે સિવાય અરજદારે મોકલેલ આધાર કે રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં.

અમો સામાવાળા આથી વધુમાં સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવવા રજા લઈએ કે આવા કુલ ૧૦૭ કર્મચારીઓ પાસેથી જન્મ તારીખના આધારો માંગવામાં આવેલ

INDEX

અને દરેકના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના આધારે બેન્કમાં તે મુજબ દરેકની જન્મ તારીખ નોંધવામાં આવેલ છે. પરંતુ આ કિસ્સામાં માંગણી કરવા છતાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ નહીં કરતાં, અમો બેન્કે જાતે સર્ટીફીકેટ મેળવીને અને તે મુજબ બેન્કના રેકર્ડમાં તારીખ નોંધેલ હતી. જેથી અરજદાર ઈરાદાપુર્વક આધારો મોકલતાં નહીં, અને ભળતી રજુઆતો કરી પોતાની જન્મ તારીખ સુધારવા માટે અયોગ્ય પ્રયત્નો કરેલ છે. જેથી અરજદારની જન્મ તારીખ સુધારવાનો કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

અમો વધુમાં સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવવા રજા લઇએ છીએ કે શ્રી હુસેનભાઇ મીરાજીભાઇ કુરેશી પોતાની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ તેમના પિતાએ નગરપાલિકા શાખા મંડળ સુરેન્દ્રનગરમાં ભુલથી લખાવેલ છે. તેમ કહે છે જે ખરેખર તેમની પોતાની હતી, અને પોતાને નાનાભાઇ ગણાવી પોતાની જન્મ તારીખ ૯-૬-૧૯૪૮ છે તે રીતે સુધારો કરી આપવા વિનંતી કરેલ છે. પરંતુ શ્રી ઇબ્રાહીમભાઇ કુરેશી હુસેન મીરાજીભાઇ કુરેશી કરતાં નાનાં હતા, અને તેમની જન્મ તારીખ ૯-૬-૪૮ હોવી જોઇએ. પરંતુ બેન્કમાં તારીખ ૧૭-૧૨-૪૫ ઠરાવી પોતે નાના છે, તે રીતે જણાવેલ છે. અમો સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવવા રજા લઇએ છીએ કે જુબાનીમાં જે પાંચ ભાઇઓની કમાવલી આપેલ છે. તે બરાબર રીતે દર્શાવેલ નથી, અને ખોટી દર્શાવેલ છે.

અમો સોગંદ ઉપર વધુમાં જણાવવાં રજા લઇએ છીએ કે, "Nomination and Declaration form for un exempted/exempted establishment" માં હુસેન મીરાજીભાઇ કુરેશીની જન્મ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ છે, અને તેમાં તેની પત્ની અને તેની દિકરીઓની જન્મ તારીખ આપેલ છે, અને તારીખ ૧૧-૧૦-૯૮ ના રોજ ફોર્મ ભરેલ છે. એટલું જ નહીં આંક-૪૭ જે કર્મચારીની ગ્રેચ્યુટી માટેની અરજી કરેલ છે, તેમાં પણ પોતાની જન્મ તારીખ ૨૯-૧૨-૨૦૦૩ ના રોજ તારીખ ૧૭-૧૨-૧૯૪૫ દર્શાવેલ છે. પોતે કરેલ આંક-૪૬ ની અરજીમાં પોતાની જન્મ તારીખ૩૧-૧૨-૨૦૦૩ ના રોજ ૫૮ વર્ષ પુરા થાય છે, તે રીતે પોતે લખી આપેલ છે. એટલું જ નહીં આંક-૪૮ અને આંક-૪૯ થી જિલ્લા દફતર અધિકારીએ હુસેનભાઇ મીરાજીભાઇ કુરેશીનો દાખલો જે ત્યાંથી મેળવેલ હતો, તે માન્ય ગણવો નહીં અને અત્રેની કચેરીને પરત મોકલવા જણાવેલ, અને જે માટે આંક-૫૦ થી હુસેનભાઇ મીરાજીભાઇ કુરેશીને સદરહુ દાખલો દફતર અધિકારીની કચેરીએ માન્ય કરેલ નથી. જેથી પરત મોકલવાનું જણાવેલ છે. આંક-૫૧ થી નગરપાલિકા શાળા મંડળ સુરેન્દ્રનગરનો તારીખ ૧૪-૯-૯૪ નો દાખલો તારીખ ૧૭-૧૨-૪૫ નો છે. આંક-૫૨નો તાલુકા/ડીસ્ટ્રીક્ટ પંચાયત પે કેન્દ્ર શાળાનો તારીખ ૧૪-૯-૯૪ નો દાખલો છે. તેમાં તારીખ ૧૭-૧૨-૪૫ જન્મ તારીખ દર્શાવેલ છે. તારીખ ૩૦-૧-૨૦૦૧ આંક-૫૩ મેનેજરશ્રી રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્ક લી.નાએ અરજદારને પત્ર લખેલ તેમાં પણ તેમની

જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ છે, એટલું જ નહીં બેન્કના પ્રોવીડન્ટ ફંડ નોમીનેશન ફોર્મ નં. ૨ સ્ટાફ હાઉસીંગ લોનના ઉપાડના વિમા પ્રીમીયમ કવર નોટમાં તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ દર્શાવેલ છે. એટલું જ નહીં આંક-૫૪ ના સ્ટાફ હાઉસીંગ લોન અન્વયે લેવાનું થતું વિમાનું પ્રીમીયમ ભરવા બાબત અધિકાર પત્ર આપેલ તેમાં પણ તેમની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ દર્શાવેલ છે.

અમો વધુમાં સોગંદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવવા રજા લઈએ છીએ કે, આંક-૫૬ થી ૯૪ સુધી અમોએ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની નકલ તેમજ ગુજરાત બેન્ક વર્કસ યુનિયન સાથે જે તે વખતે થયેલા સમાધાનો રજુ કરેલ છે. તેમજ આંક-૬૭, ૬૮ અને ૬૯ થી અરજદારને પોતાની જન્મ તારીખના પુરાવાઓ રજુ કરવા જણાવેલ હતુ. આંક-૭૨ થી બેન્કના રેકર્ડમાં નોંધાયેલ જન્મ તારીખમાં સુધારો કરવા પત્ર લખેલ છે. આંક-૭૩ થી રૂ. ૧,૮૦,૦૦૦ જે બેન્કમાંથી લોન લીધેલ અને જેના માટે કબુલાતપત્ર લખી આપેલ.

અમો વધુમાં સોંગદ ઉપર તેમજ સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવવા રજા લઈએ છીએ કે અરજદારે બેન્કમાં જુદા જુદા સમયે જુદી જુદી જન્મ તારીખો બતાવેલ છે. દા.ત. આંક-૭૪ માં પોતાની જન્મ તારીખ ૧-૩-૪૭ બતાવેલ છે, આંક-૭૫ માં પોતાની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ દર્શાવેલ છે. આંક-૭૬ માં જે તારીખ ૨૨-૧-૯૯ના રોજ આપેલ છે. તેમાં પોતાની જન્મ તારીખ ૯-૬-૪૮ દર્શાવેલ છે. પરંતુ આંક-૭૭ માં બેન્કે જે જન્મ તારીખ દર્શાવેલ છે, તે ૧૭-૧૨-૪૫ છે. એટલે કે અરજદારને જેમ ફાવે તેમ પોતાની જન્મ તારીખ બેન્કમાં દર્શાવેલ છે. આંક-૮૦ જે તારીખ ૬-૧૦-૯૦ નો અરજદારે દાખલો માંગેલ, તેમાં બેન્કનાં રેકર્ડ મુજબ તારીખ ૧૭-૧૨-૪૫ ની તારીખ દર્શાવેલ છે. તેવી જ રીતે તેના કહેવાતા મોટાભાઈ ઈબ્રાહીમભાઈ મીરાજીભાઈ કુરેશી જેને આંક-૮૧ માં જેની ઉંમર તારીખ ૧૭-૧૨-૪૫ છે. તેમાં ૧૭-૧૨-૪૬ છેકીને તારીખ ૩૧-૩-૪૩ બતાવેલ છે. આંક-૮૪ માં તારીખ ૧૭-૧૨-૧૯૪૫ તેના કહેવાતા મોટાભાઈ ઈબ્રાહીમભાઈ મીરાજીભાઈ કુરેશીની તારીખ જણાવેલ છે. અને જે નગરપાલિકા શાળા મંડળમાં દાખલ થયાની તારીખ ૧૯-૭-૫૪ અને તારીખ ૩૦-૪-૫૭ ના રોજ ધોરણ ૫ માં અભ્યાસ કરે છે તેવું દર્શાવેલ છે. જ્યારે આંક-૫૧ માં અરજદારની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ અને તા. ૩૦-૪-૫૮ના રોજ ધોરણ ૫ માં ભણે છે. જો બન્ને ધોરણ ૫ માં તા. ૩૦-૪-૫૭ અને તારીખ ૩૦-૪-૫૮ ના રોજ હોય તો તારીખ ૧૭-૧૨-૪૫ બન્નેની જન્મ તારીખ શંકા ઉપજાવે છે. જેથી કહેવાતો મોટોભાઈ તે ખરેખર નાનો ભાઈ છે. આંક-૮૫ માં ઈબ્રાહીમભાઈ મીરાજીભાઈ કુરેશીની જન્મ તારીખ ૧૭-૧૨-૪૬ છે. જેથી જન્મ તારીખ પોતાની સગવડતા પ્રમાણે આપેલ છે. આ રીતે અરજદારની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ છે. પરંતુ જે તે વખતે જન્મ તારીખ ખોટી આપેલ છે. ખરેખર જન્મ તારીખ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના આધારે જ લખવામાં આવેલ હોય, ત્યારે તેમાં કોઇ ફેરફાર થઇ શકે નહીં, અને કહેવાતો મોટોભાઈ હવે જ્યારે ગુજરી

INDEX

ગયેલ છે, ત્યારે તેની જન્મ તારીખ ૧૭-૧૨-૪૫ બતાવીને અરજદાર ઉંમરનો લાભ લેવાં માંગે છે. જેથી અરજદારની ઉંમર તારીખ ૧૭-૧૨-૪૫ જે બેન્કમાં રેકર્ડમાં નોંધાયેલ છે, તે સાચી છે, અને તે પ્રમાણે અરજદારને રીટાયર્ડ કરેલ છે,''

પ્રથમ પક્ષકારના સાક્ષીએ તેઓની ઉલટ તપાસમાં જણાવેલ છે કે ''હાલમાં મારી ઉંમર ૫૮ વર્ષની છે. કલાર્ક તરીકે બેન્કમા દાખલ થયેલ હતો. ૧૯૯૫ માં બઢતીથી જુની. ઓફીસર થયેલ મેં આ કેસની ફાઈલનો અભ્યાસ કરેલ છે. અરજદારનો કેસ જન્મ તારીખ અંગેનો છે. આ કેસમાં રજુ થયેલ દસ્તાવેજો મેં જોયેલા છે. અભ્યાસ કરેલો છે. અરજદારને હું ઓળખું છું. અરજદારની કામગીરી બાબતે કોઈ ફરીયાદ થયેલ કે કેમ ? તેની મને ખબર નથી. બી.આઈ.આર. એકટની કલમ ૪૨(૨) પ્રતિનિધીત્વ ધરાવતા યુનિયનને લાગુ પડે તેવો મારો ખ્યાલ છે. સોગંદનામું મેં વાંચેલ છે. મારી સુચના પ્રમાણે આ સોગંદનામું તૈયાર કરવામાં આવેલ છે. ડીલે અને લેચીઝ એટલે શું ? જે યુનિયનને ૪૨(૨) અને બી.આઈ.આર. લાગુ પડતો હોય તેવું જ યુનિયન કેસ કરી શકે. અને સહી કરી શકે અને માંગણી કરી શકે તેવું મારૂં આ શબ્દોનું અર્થઘટન છે, અને બેન્કને નોટીસ પણ આપી શકે.

અરજદારને તા. ૩૧-૧૨-૦૩ ના રોજ નિવૃત કરવામાં આવેલ છે. તે વાત ખરી છે કે નિવૃત કર્યા તે તારીખે આ કેસની કાર્યવાહી ચાલુ હતી. બેન્ક તરફથી આ કામમાં આંક-૬ થી જે જવાબ રજુ કરેલ છે, તે જવાબ માં વાંચેલ છે. ડીલે અને લેચીસની બાબત લેખીત જવાબના પેરા-૩ માં લખવામાં આવી છે.

